# કોરોના કાળમાં બનાસના પશુપાલકોને દિવાળી

## ૧૪.૧૮% સાથે ૧૧૩૨ કરોડનો ભાવફેર આપવાની જાહેરાત કરતા ચેરમેન શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૨૧
પશુપાલકોને સૌથી વધુ વળતર ચૂકવતી એશિયાની નંબર ૧ બનાસડેરીની ૫૩ મી વાર્ષિક



સાધારણ સભા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને બનાસ મેડીકલ કોલેજ, મોરિયા ખાતે યોજાઈ હતી. કોરોના ગાઈડલાઈન મુજબ વર્ચ્યુઅલી (ઓનલાઈન) યોજાયેલી સભા દ્વારા ચેરમેનશ્રીએ બનાસના પશુપાલકોને ૧૪.૧૮ ટકા સાથે ૧૧૩૨ કરોડ રૂપિયાનો ભાવફેર (નફો) જેમાંથી ૧૨૫ કરોડના મંડળીઓને ડિબેન્ચર અને ૧૦૦૭ કરોડ રૂપિયા પશુપાલકોને રોકડ ભાવફેર તરીકે જાહેર કરતા સમગ્ર જીલ્લાના પશુપાલકો માટે કોરોના કાળમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. ગામે ગામ દૂધ મંડળીઓ પર ઓનલાઈન જોડાયેલા લાખો દૂધ ઉત્પાદકો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા.

ચેરમેનશ્રીએ સભામાં ત્રણ મહત્વની જાહેરાતો કરતા જણાવ્યું હતું કે જિલ્લાના દૂધ ઉત્પાદક ભાઈ-બહેનોને આકસ્મિક સંજોગોમાં ૧ લાખ રૂપિયાનું વીમા સુરક્ષા કવચ આપીને તેનું પ્રીમિયમ બનાસડેરી થકી ભરવાનો નિર્ણય લેવાયો છે. સાથે સાથે જિલ્લામાં બનાસડેરી અને જિલ્લાની દૂધ મંડળીઓના વર્ષે દહાડે ૨૦૦ કરોડ રૂપિયા જેટલા વીજબીલ ઘટાડી શકાય તે માટે એક સોલાર ઉત્પાદક સહકારી સંસ્થા બનાવીને સુર્ય ઉર્જાનો વ્યાપક ઉપયોગ કરીને ગ્રીન એનર્જીની દિશામાં જિલ્લો અગ્રેસર બને તે માટેનું પણ આયોજન થઈ રહ્યું છે. વધુમાં ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં ઉત્પન્ન થતા પાકો માટે વેલ્યુએડીશન થકી તેના પોષણક્ષમ ભાવો મળે અને ખેડૂતોને ઘર આંગણે બજાર વ્યવસ્થા મળે તે માટે પણ એક સ્વાયત સંસ્થા હેઠળ એગ્રો પ્રોડ્યુસર કંપની બનાવીને પાકોની વેચાણ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન છે.

ચેરમેનશ્રીએ બનાસડેરીની વિવિધ પ્રવૃતિઓ, દૂધ અને દુધના વ્યવસાયથી અલગ વ્યવસાયો થકી પશુપાલકોને આર્થિક લાભદાયી યોજનાઓની પ્રેઝેન્ટેશન દ્વારા વિગતે ચર્ચા કરીને બનાસડેરીની સમગ્ર કામગીરીનો ચિતાર આપતા જણાવ્યું કે આપણી ડેરીનું વર્ષ ૨૦૨૦-૨૧ નું ટર્ન ઓવર ૧૨,૯૮૨.૮૨ કરોડ રૂપિયા થવા પામ્યું છે તેટલુંજ નહિ બનાસડેરી તેની કમાણીના ૧ રૂપિયામાંથી ૮૨.૨૮ પૈસા પશુપાલકોને વળતર ચૂકવીને દર મહિને રૂ.૮૩૩ કરોડ રૂપિયા એટલે કે દૈનિક ૨૭.૭૬ કરોડ રૂપિયા પશુપાલકોને ચૂકવતી દુનિયાની એક માત્ર સૌથી વધુ વળતર ચૂકવતી સહકારી ડેરી પ્રસ્થાપિત થઈ છે.

- જીલ્લાના ૫.૫ લાખ પશુપાલકોને ૧ લાખ રૂપિયાનું વીમા સુરક્ષા કવચ
- સહકારી ધોરણે સોલાર ઉત્પાદક સંસ્થા ઉભી કરવાનું આયોજન
- કૃષિ પાકોનું બજાર તૈયાર થાય તે માટે વેચાણ વ્યવસ્થાનું આયોજન

તાજેતરમાં દુધના પાવડરની નિકાસમાં સરકાર દ્વારા પ્રતિ કિલોએ રૂપિયા ૫૦ ની સહાય આપવાની જાહેરાત બદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી પુરષોત્તમ રૂપાલાજી, રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારોના હકારાત્મક



અભિગમથી સહકારી સંસ્થાઓ મજબુતીકરણ તરફ પ્રયાણ કરી રહી છે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર સંગ્રામભાઈ ચૌધરીએ એજન્ડા પરની કાર્યવાહી હાથ ધરતા સભાએ સર્વાનુમતે તેને મંજુર રાખી હતી.

આ પ્રસંગે જિલ્લાની ૯૮ જેટલી સૌથી વધુ દૂધ ઉત્પાદક બહેનોને "શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી" અને "બનાસ લક્ષ્મી" એવોર્ડ થકી રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપીને તેમજ દેશી ગાય, ભેંસ અને એચ.એફ ગાય વિભાગમાં પશુ દીઠ વધુ દૂધ ઉત્પાદન હરીફાઈ યોજનામાં એક થી ત્રણ નંબરે આવેલ ૮૫ બહેનોને રોકડ રકમના ઈનામ અને પ્રમાણપત્રો આપીને ચેરમેનશ્રી અને નિયામક મંડળના સભ્ય શ્રીઓના હસ્તે સન્માનિત કરવામાં આવી હતી. તેજ પ્રમાણે ૨૦૧૯-૨૦ માં ગણેશપુરા (લાખણી) અને ૨૦૨૦-૨૧ માં રતનપુરા (ભી) દૂધ મંડળીને જિલ્લાની આદર્શ દૂધ મંડળી તરીકેનો સ્વ.શ્રી.ગલબાભાઈ નાનજીભાઈ પટેલ આદર્શ દૂધ મંડળી ફરતો શિલ્ડ અને રોકડ રકમ અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ, બનાસ બેંકનાર ચેરમેન એમ.એલ.ચૌધરી, બનાસડેરીના નિયામક મંડળના સભ્યો સહીત દૂધ મંડળીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. વાઈસ ચેરમેન ભાવાજી રબારીએ સૌનો આભાર માન્યો હતો.

# ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ યોજાયો

**ભાગવત કથાકાર પૂજ્ય રમેશભાઇ ઓઝાને ડોક્ટરેટની પદવી એનાયત કરતા મુખ્યમંત્રી : ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રીલીજીયસ-ફોરેસ્ટ એન્ડ ઝીઓલોજી-મરિન સાયન્સ ક્ષેત્રના નવિન અભ્યાસક્રમો શરૂ કરીને દેશ-દુનિયાના યુવાઓને આ ક્ષેત્રે અભ્યાસ કારકિર્દીની તક પુરી પાડે**

ગાંધીનગર, તા. ૨૧
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જૂનાગઢની ભક્તકવિ



નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારોહમાં પદવી પ્રાપ્ત યુવા વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યેની પોતાની કર્તવ્ય ભાવના સાથે રાષ્ટ્રહિત માટે સમર્પિત થવા આહવાન કર્યુ હતુ.

૨૦૧૫માં સ્થપાયેલી આ ભક્તિ કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ૧૬૨ કોલેજીસના ૩૦ હજારથી વધુ છાત્રોને વિવિધ ૬ ફેકલ્ટીઝમાં પદવીઓ અને તજજ્ઞતા પ્રાપ્ત ૪૩ દિકરીઓ સહિત ૫૪ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પોરબંદરના સાંદિપની ગુરૂકુળ આશ્રમના પ્રણેતા અને પ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝાને આ યુનિવર્સિટી દ્વારા માનદ્ ડૉક્ટરેટની પદવી પણ મુખ્યમંત્રીએ આ પદવીદાન સમારંભમાં એનાયત કરી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે યુવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા કહ્યુ કે કોન્વોકેશન-પદવીદાન એતો ભારતીય ગુરૂકુળ પરંપરામાં સદીઓથી ચાલતી આવતી શિક્ષા-દિક્ષાની આગવી વિશેષતા છે. ભગવાન રામચંદ્રજી, કૃષ્ણએ પણ ગુરૂવર્યોના આશ્રમમાં રહીને જ શિક્ષા-દિક્ષા મેળવી હતી.

તેમણે પદવી પ્રાપ્ત વિદ્યાર્થીઓને સ્પષ્ટ પણે જણાવ્યુ કે હવે તમારે ઘેઘુર વડલાની વડવાઈઓની જેમ કારકિર્દી ઘડતર અને કેરીયરમાં વિશાળ સમાજ હિત વટવૃક્ષ જેવા બનવાનુ છે.

મુખ્યમંત્રીએ આ યુનિવર્સિટીનુ નામ જેની સાથે જોડાયેલુ છે તે ભક્ત કવિ નરસિંહ મહેતાના ભજન વૈષ્ણવજન તો તેને રે કહી એ જે પીડ પરાઈ જાણે રે... નો વિશેષ ઉલ્લેખ કરતા યુવાનોને આહવાન કર્યુ કે હવે તમારે વૈષ્ણવજન તરીકે સમાજના દુખી-પીડીત-જરૂરતમંદ લોકોની સંવેદના સમજીને તેમના કલ્યાણ માટે, સમાજ દાયિત્વ માટે કર્તવ્યરત રહેવાનુ છે.

આ તકે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું સૂત્ર છે કે ગુજરાત જોબ સીકર નહિ, જોબ ગીવર બને જેના ભાગરૂપે ગુજરાત એકમાત્ર રાજ્ય છે. જેને યુવાનો માટે ગુજરાત સ્ટાર્ટઅપ સ્ટુડન્ટ પોલીસી શરૂ કરી છે. શિક્ષણમંત્રીએ વધુમાં પદવીધારકોને અભિનંદન પાઠવતા કહ્યુ હતુ કે આજ સુધીની પરીક્ષા સીલેબસ આધારીત હતી. હવે અનએક્સપેક્ટેડ હશે. તેમણે વિદ્યાર્થીઓને ટીપ્સ આપતા વ્યવહારીક જીવનમાં રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનવા આહવાન કર્યુ હતુ.

# ગ્લેનમાર્ક લાઈફ સાયન્સિસ લિમિટેડનો આઈપીઓ ૨૭ જુલાઈ, ૨૦૨૧ના રોજ ખુલશે

અમદાવાદ, ૨૧
લાંબા ગાળાની બિમારીની સારવાર માટે પસંદગીના હાઈ વેલ્યુ, નોન-કોમોડિટાઇઝ એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ ("APIs") વિકસાવતી અને ઉત્પાદન કરતી કંપની ગ્લેનમાર્ક લાઈફ સાયન્સિસ લિમિટેડ ('જીએલએસ' અથવા 'કંપની')નો આઈપીઓ ("ઓફર") ૨૭ જુલાઈ, ૨૦૨૧ના રોજ ખુલશે. આઈપીઓ માટે પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૯૫થી રૂ. ૭૨૦ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૨૦ ઈક્વિટી શેર માટે અને પછી ૨૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફરમાં ગ્લેનમાર્ક લાઈફ સાયન્સિસ લિમિટેડના રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર") સામેલ છે, જેમાં રૂ. ૧૦,૬૦૦ મિલિયનના ફ્રેશ ઈક્વિટી શેર ("ફ્રેશ ઈશ્યૂ") અને ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ ("પ્રમોટર" અથવા "પ્રમોટર વિક્રેતા શેરધારક") દ્વારા ૬,૩૦૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)નું પાલન કરીને અને સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમન ૩૧ ("સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ") સાથે વાંચીને સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭, જેમાં સમયેસમયે થયેલા સુધારા ("એસસીઆરઆર") ના નિયમ ૧૯(૨)(બી) અંતર્ગત બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા રજૂ થઈ છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂટશન બાયર્સ ("ક્યુઆઈબી" અને આ પ્રકારનો હિસ્સો "ક્યુઆઈબી પોર્શન")ને ફાળવવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે, જેમાં શરત એ છે કે, અમારી કંપની અને વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો વિવેકાધિન ધોરણે એક્કર રોકાણકારોને ફાળવી શકે છે ("એક્કર ઈન્વેસ્ટર પોર્શન"). સેબી આઈસીડીઆર નિયમનોને અનુરૂપ એક્કર ઈન્વેસ્ટર પોર્શનનો એક-તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે રિઝર્વ રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એક્કર ઈન્વેસ્ટર ફાળવણીની કિંમત પર કે એનાથી વધારે કિંમત પર માન્ય બિડ મળવાને આધિન છે. ક્યુઆઈબી પોર્શન (એક્કર ઈન્વેસ્ટર પોર્શન સિવાય)નો ૫ ટકા હિસ્સો મ્યુચ્યુઅલ ફંડને જ સપ્રમાણ આધારે ફાળવવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે અને ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ સહિત તમામ ક્યુઆઈબી બિડર્સ માટે સપ્રમાણ આધારે ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે ઓફર પ્રાઈસ પર કે એનાથી વધારે કિંમત પર માન્ય બિડ મળવાને આધિન છે. જોકે મ્યુચ્યુઅલ ફંડ્સની કુલ માગ ક્યુઆઈબી પોર્શનના ૫ ટકાથી ઓછી રહેશે, તો મ્યુચ્યુઅલ ફંડ પોર્શનમાં ફાળવણી માટે ઉપલબ્ધ બાકીના ઈક્વિટી શેરને ક્યુઆઈબીને સપ્રમાણ ફાળવણી માટે બાકીના ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે.

# ઈન્ડિયન ઓઈલ ફ્યુઅલ સ્ટેશન્સમાં હવે આઈસીઆઈસીઆઈ બેન્ક ફાસ્ટેગથી ફ્યુઅલનાં નાણાં ચૂકવી શકાશે

ઈન્ડિયન ઓઈલ અને આઈસીઆઈસીઆઈ બેન્કે કોન્ટેકલેસ અને કેશલેસ ફ્યુઅલીંગ અનુભવ માટે જોડાણ કર્યુ છે. આઈસીઆઈસીઆઈ બેન્ક ફાસ્ટેગ વપરાશકારો હવે ઈન્ડિયન ઓઈલના ફ્યુઅલ સ્ટેશનન્સમાં સંપૂર્ણ ડિજીટાઈઝ્ડ અનુભવ કરી શકશે અને ગ્રાહકોને પ્રતિક્ષા સમય પણ ઘટશે.

આ સિસ્ટમને ઈન્ડિયન ઓઈલની ઓટોમેશન સિસ્ટમ સાથે સુસંકલિત કરવામાં આવી છે. જેનાથી ફ્યુઅલીંગ પ્રોસેસ દરમિયાન મેન્યુઅલ રૂકાવટને દૂર કરી શકાય છે. આ સંકલનથી પેટ્રોલ, ડિઝલ અને સર્વો લુબ્રિકન્ટસનું આઈસીઆઈસીઆઈ બેન્ક ફાસ્ટેગ દ્વારા પેમેન્ટ થઈ શકે છે. આ પગલાંનાં પ્રથમ ચરણમાં ઈન્ડિયન ઓઈલનાં ૩૦૦૦ રિટેલ આઉટલેટ્સને આવરી લેવામાં આવ્યા છે.

આ ઓફરને રજૂ કરતાં ઈન્ડિયન ઓઈલનાં ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્યે જણાવ્યું હતું કે 'ઈન્ડિયન ઓઈલ આઈસીઆઈસીઆઈ બેન્ક ફાસ્ટેગ પેમેન્ટથી ડિજીટલ ઈન્ડિયાનું સ્વપ્ન દ્રઢ બનશે. આ પગલાંથી આઈસીઆઈસીઆઈ બેન્ક ફાસ્ટેગ ધારકો ઈન્ડિયન ઓઈલનાં ફ્યુઅલ સ્ટેશન્સમાં સમગ્ર ડિજીટાઈઝ્ડ અનુભવ કરી શકશે. આ સિસ્ટમને ઈન્ડિયન ઓઈલ ઓટોમેશન સિસ્ટમ સાથે સુસંકલિત કરવામાં આવી છે, જેનાથી પેટ્રોલ, ડિઝલ મેન્યુઅલ રૂકાવટ દૂર થશે. આત્મનિર્ભર ભારત અભિયાનમાં અમારૂ આ પગલું ગૌરવની બાબત છે. આ ફાસ્ટેગ ટેકનોલોજી સ્વદેશી ઢબે વિકસાવવામાં આવી છે.

# મેઘરાજાની મુદત : હવે ૨૩મીથી રાજ્યમાં સારા વરસાદની આગાહી

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૫ તાલુકામાં વરસાદ : ભારે વરસાદની સંભાવના છે તેવા તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટર, સમગ્ર વહીવટી તંત્રને એલર્ટ રહેવા સુચના

ગાંધીનગર, તા.૨૧
રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૩૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદના છોટાઉદેપુરના જેતપુરપાવી અને તાપીના દોલવણામાં અઢી ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. છોટાઉદેપુરના બોડેલી, વલસાડના વાપી, પારડી, વડોદરા જિલ્લાના ડભોઈ, વડોદરા તાલુકામાં, નર્મદા જિલ્લાના દેડિયાપાડા, અને નવસારીના ખેરગામમાં બે ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૦ તાલુકામાં બે ઈંચ કરતાં વધુ વરસાદ પડ્યો છે, જ્યારે ૨૭ તાલુકામાં ૧ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

રાજયમાં અત્યાર સુધી તા.૨૦-જુલાઈ ૨૦૨૧ અંતિત ૨૦૬.૯૪ મી.મી વરસાદ થયો છે. જે પાછલા ત્રીસ વર્ષની રાજયની એવરેજ ૮૪૦ મી.મીની સરખામણીએ ૨૪.૬૪ ટકા છે. હવામાન ખાતાની આગાહી મુજબ આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના છે તેવા તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટર તથા સમગ્ર વહીવટી તંત્રને એલર્ટ રહેવા સુચના આપવામાં આવી હતી.

આઈએમડીના અધિકારીએ જણાવ્યુ છે કે,ગત સપ્તાહે રાજયમાં સારો વરસાદ થયો છે. તા. ૨૩ જુલાઈથી સમગ્ર રાજયમાં સારા વરસાદની સંભાવના છે. જેમં સુરત, ડાંગ, નવસારી અને વલસાડમાં ભારે વરસાદ પડે તેવી શક્યતા છે.

કૃષિ વિભાગના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, ચાલુ વર્ષે તા. તા.૧૯ જુલાઈ ૨૦૨૧ સુધીમાં અંદાજીત ૫૭.૨૦ લાખ હેક્ટર ખરીફ પાકોનું વાવેતર થયુ છે. ગત વર્ષે સમાન સમયગાળા દરમ્યાન ૫૭.૩૭ લાખ હેક્ટર વાવેતર થયુ હતું. આ વર્ષે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ વાવેતર વિસ્તારની સામે ૬૬.૮૭ ટકા વાવેતર થયુ છે. સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યુ

છે કે, સરદાર સરોવર જળાશયમાં ૧,૪૯,૨૬૬ એમ.સી.એફ.ટી પાણીનો સંગ્રહ છે. જે કુલ સંગ્રહ શકિતના ૪૪.૬૮ટકા છે. રાજયના ૨૦૬ જળાશયોમાં ૨,૦૬,૨૪૬ એમ.સી.એફ.ટી પાણીનો સંગ્રહ છે જે કુલ સંગ્રહ શકિતના ૩૭.૦૦ ટકા છે. હાલમાં રાજયમાં હાઈ એલર્ટ પર કુલ-૦૩ જળાશય, એલર્ટ પર કુલ-૦૬જળાશય તેમજ વોર્નીગ પર કુલ-૦૬ જળાશય છે.

એન.ડી.આર.એફ.ની કુલ ૧૫ ટીમમાંથી ૮ ટીમો ડીપ્લોય કરી દેવામાં આવી છે જે પૈકી ૧-વલસાડ, ૧-સુરત, ૧-નવસારી, ૧-રાજકોટ, ૧-ગીરસોમનાથ, ૧- જુનાગઢ, ૧-કચ્છ, ૧-મોરબી ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. જ્યારે ૬- ટીમ વડોદરા અને એક ટીમ ગાંધીનગર ખાતે રીઝર્વ રાખવામાં આવી છે.હવામાન વિભાગની આગાહીને ધ્યાને લઈ તે ઉપરાંતની એસ.ડી.આર.એફ.ની કુલ ૧૧ ટીમ એલર્ટ રાખવામાં આવી છે.

# ધાનેરામાં ધનકૃપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ફુડ વિતરણ કરવામાં આવ્યું

ધાનેરા, તા.૨૧
ધનકૃપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે ધાનેરા ખાતે જમવાના પેકેટ તૈયાર કરી



અને વિતરણ કરવામાં આવ્યું છે અત્યારે લોકો આર્થિક રીતે ખૂબ જ ભીસમાં જણાઈ રહ્યા છે ત્યારે લોકોનું જીવન ગુજારવું પણ ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે ત્યારે કૃપા એજ્યુકેશન દ્વારા આજે ફૂડ પેકેટ તૈયાર કરી જરૂરિયાત મંદ લોકો સુધી પહોંચાડવામાં આવ્યા સુમિતભાઈ જોશી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આગળ વૃક્ષારોપણ કાર્યક્રમ કરી સફળતા મેળવ્યા બાદ આજે વિચાર આવ્યો કે બીજું પણ સેવાનું કામ કરવું છે ત્યારે જરૂરિયાત મંદ લોકો ને જમવાનું આપી એક માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું

## ધાનેરા નગરપાલિકા દ્વારા ધાનેરાની ગૌ શાળામાં વૃક્ષારોપણ

પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ ના કાર્યકર ને આજે એક વર્ષ પૂર્ણ થતા ધાનેરા નગરપાલિકાના પ્રમુખ કિરણબેન સોની સહિત પાલિકાના સદસ્ય અને કર્મચારીઓ દ્વારા ધાનેરાની ગૌ સમૃદ્ધિ ગૌશાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો વૃક્ષારોપણ કાર્યક્રમ કરી વૃક્ષો ને ઉછેરવાનો પણ સંકલ્પ કરવામાં આવ્યો હતો સાથે સાથે લોકોને પણ વૃક્ષારોપણ તેમજ વૃક્ષોનું જતન કરવા માટેની અપીલ કરી હતી કોરોના મહામારી દરમિયાન ઓક્સિજનની કમી ને



લઈ લોકોએ ખૂબ જ મુશ્કેલી નો સામનો કર્યો હતો ફરીવાર આ વિકટ પરિસ્થિતિ ન સર્જાય તે માટે વૃક્ષારોપણ કરી વૃક્ષનું જતન થાય તેવા હેતુ સાથે આજે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને લોકોને પણ વૃક્ષારોપણ કરવા માટે તેમજ વૃક્ષો નું જતન કરવા માટેની અપીલ કરવામાં આવી હતી

## જીવવાની રીત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપતા તે બાળકના દુશ્મન છે. બાળકો પર કુસંસ્કાર પડતા હોય તેવા અશ્લિલ કાર્યક્રમો પર રોક લગાડવી જોઈએ.

**પ્રશ્ન : કોરોના મહામારીમાંથી ક્યારે છુટકારો મળશે ?**

મ.સા. : આ કહેવું હાલ તો મુશ્કેલ છે પરંતુ મને લાગે છે કે હવે લાંબો સમય નહીં ચાલે, કુદરતે બહુ મોટી અને લાંબી સજા આપી દીધી છે, હવે જલ્દીથી તેમાંથી મુક્તિ મળવી જોઈએ પરંતુ તે માટે સંયમિત જીવન જરૂરી છે.

**પ્રશ્ન : આપ ગાંધીનગરને શું સંદેશ આપશો?**

મ.સા. : હું જીવન કેવી રીતે જીવવું તે કહેવા આવ્યો છુ. વર્તમાનને સુધારવા પુરૂષાર્થ કરો, વર્તમાન સારો હશે તો ભવિષ્ય સારૂ બનશે. જીવનને જ્યોર્તિમય બનાવો, જ્વાલા નહીં. પ્રકૃતિને જોઈને સાચવીને જીવન જીવો, પર્યાવરણ જ આપણું જીવન છે.

## એક દર્દી મળ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં લાંબા સમય બાદ અર્થાત ૮ મહિના પછી કેસ મળ્યો છે. ૮ મહિના પહેલાં ગાંધીનગર શહેરના ચરેડી વિસ્તારમાંથી એક દર્દી મળી આવ્યો હતો.

મળતી વિગતો મુજબ આ દર્દી જો તેના જાતિના અને આવકના દાખલા સહિતના દસ્તાવેજો સાથે સરકારને જાણ કરે તો સમાજ કલ્યાણ વિભાગ દ્વારા તે જ્યાં સુધી સ્વસ્થ ન થાય ત્યાં સુધી માસિક રૂ. ૮૦૦ની સહાય ચુકવવાની યોજના પણ અમલમાં છે.

## વરસાદની સંભાવના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓરેન્જ એલર્ટને બદલે હવે રેડ એલર્ટ જાહેર કરી દીધું છે. હવામાન વિભાગનું અનુમાન છે કે, ૨૨ જુલાઈ દરમિયાન મુંબઈ સહિત થાણે, પાલઘર અને રાયગઢમાં તોફાની પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ દરમિયાન વૈજ્ઞાનિક કેએસ હોસાલિકરે ટ્વીટ કરી છે કે, મુંબઈ, થાણે અને આસપાસના અનેક વિસ્તારોમાં વિતેલા ૩ કલાકમાં દરમિયાન ૪૦ મીમીથી વધુ વરસાદ નોંધાયો છે અને આગામી સમયમાં પણ ભારે વરસાદી માહોલ બની રહેશે.

બુધવારે પડેલા અતિ ભારે વરસાદને લીધે મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાવાના દ્રશ્યો સર્જાયા હતા જેના કારણે રોડ-રસ્તા બ્લોક થતાં ઠેર-ઠેર ટ્રાફિક જામની સમસ્યા ઉભી થઈ હતી.

## અનાથ બન્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોત માટે, માતા-પિતા કે કેરટેકરની મોતનો સામનો કરવા માટે એક બાળક પાછળ છૂટી જાય છે. ૩૦ એપ્રિલ ૨૦૨૧ સુધી, તે ૧.૫ મિલિયન બાળકો દુનિયાભરમાં ૩૦ લાખ કોરોના મોતનું દુઃખણ પરિણામ બની ગયું હતું. અને આ સંખ્યા ફક્ત મહામારીના પ્રગતિના રૂપમાં વધશે.

તેઓએ કહ્યું કે, અમારો નિષ્કર્ષ આ બાળકોને પ્રાથમિકતા આપવા અને સાક્ષ્ય આધારિત કાર્યક્રમો અને સેવાઓમાં રોકાણ કરવા માટે તત્કાલ આવશ્યકતાને ઉજાગર કરેછે. જેનાથી તે હાલ તેમની રક્ષા અને સમર્થન કરી શકે અને ભવિષ્યમાં અનેક વર્ષો સુધી તેનું સમર્થન કરી શકે. કેમ કે અનાથપણું દૂર થતું નથી. રિસર્ચરોએ માર્ચ ૨૦૨૦થી એપ્રિલ ૨૦૨૧ સુધી કોરોના મૃત્યુ દરના આંકડાઓ અને ૨૧ દેશોના રાષ્ટ્રીય પ્રજનના આંકડાઓના આધાર પર અનુમાન લગાવ્યું છે. પ્રાથમિક દેખભાળ રાખનારને ખોનાર બાળકોની સોથી વધારે સંખ્યા દક્ષિણ આફ્રિકા, પેરૂ, સંયુક્ત રાજ્ય અમેરિકા, ભારત, બ્રાઝિલ અને મેક્સિકો સામેલ છે.

## હુમલાની ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શરત વગર આત્મસમર્પણ ન કરે. તાઈવાન ન્યૂઝનું કહેવું છે કે આ વીડિયોને ચીનના પ્લેટફોર્મ ઠેપ્સેટ્ટ પર ૨ મિલિયન વ્યૂઝ મળ્યા બાદ ડિલિટ કરી દેવાયો હતો પરંતુ વીડિયોની કોપી યુટ્યૂબ અને ટ્વિટર પર અપલોડ કરી દેવાઈ છે.

ચીનની આ ધમકી એવા સમયે આવી છે જ્યારે લગભગ બે અઠવાડિયા પહેલા જાપાને તાઈવાનના સાર્વભૌમત્વની રક્ષા કરવા અંગે વાત કરી હતી. જાપાનના ડેપ્યુટી પીએમ તારો અસોએ કહ્યું હતું કે જાપાને ચોક્કસપણે તાઈવાનની રક્ષા કરવી જોઈએ. તેમણે વધુમાં કહ્યું હતું કે તાઈવાનમાં કોઈ મોટી ઘટના ઘટે તો જાપાનના અસ્તિત્વ માટે જોખમ ઊભુ થશે. આથી આવી સ્થિતિમાં જાપાન અને અમેરિકાએ મળીને તાઈવાનની રક્ષા માટે કામ કરવું પડશે. આ બાજુ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયને પણ નિવેદન આપ્યું છે. સ્કાય ન્યૂઝ ઓસ્ટ્રેલિયાના રિપોર્ટ મુજબ લિજિયને કહ્યું કે જાપાને તાઈવાન મુદ્દે પોતાની સોચ બદલવી જોઈએ. ચીની પ્રવક્તાએ કહ્યું કે અમે એકવાર ફરીથી જાપાનને તાઈવાન મુદ્દે પોતાની સોચ બદલાવાનો આગ્રહ કરીએ છીએ. ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે આ જરૂરી છે. જાપાને ચીનના સાર્વભૌમત્વ અને પ્રમાણિકતા પ્રત્યે સન્માન દાખવવું જોઈએ. ઝાઓ લિજિયને એ પણ કહ્યું કે તાઈવાન અમારો ભાગ છે અને તે વિશુદ્ધ રીતે ચીનનો આંતરિક મામલો છે.

## લાગણીનો મેળો

● પાના જથાનું ચાલુ...

'વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી... માથે ધરું ધૂળ વસુંધરાની.'
'મને મળી નિષ્ફળકા અનેક... તેથી થયો સફળ કૈંક જિંદગીમાં.'
'મોટાની અલ્પતા જોઈ થાક્યો... નાનાની મોટાઈ જોઈ જીવું છું.'
'જે જે થતો પ્રાપ્ત ઉપાધીયોગ... બની રહો તે જ સમાધીયોગ.'
'ત્રણવાનાં મુજને મળ્યાં... હૈયુ, મસ્તક, હાથ, જા ચોથું નથી માગવું, બહું દઈ દીધું નાથ.'
'ખંખેરી ફેંકી દે વૃક્ષ પાંદડાં, ના કદી થડ, રૂઢિઓ ખરતી રુક્ષ, ટકી રહે સંસ્કૃતિ વડ.'
'ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ન લાધશે.'
'એ તે કેવો ગુજરાતી... જે હો કેવળ ગુજરાતી?'
'સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી... મળી માતૃભાષા મને ગુજરાતી.'
લાખેણા વિશ્વમાનવને જન્મજયંતિએ વંદન સહ સ્મરણાંજલિ....!!

સ્પર્શમણિ :
ક્ષણમાં જીવે તે માનવી, ક્ષણને જીવાડે તે કવિ.

●●●

શબ્દ કવિને અમર બનાવે છે, જયારે કવિ શબ્દને ભાગ્યવાન બનાવે છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949